सत्यमेव जयते

દાખલ તારીખ :- ૧૦-૦૨-૨૦૨૫
નોંધણી તારીખ :- ૧૦-૦૨-૨૦૨૫
ફેંસલ તારીખ :- ૧૪-૦૩-૨૦૨૬
સમય ગાળો :- વર્ષ - માસ - દિવસ

---

**મે. ગાંધીધામનાં ન્યાયાધીશ શ્રી ,લેબર કોર્ટ(જે.ડી),**
**સાહેબની કોર્ટમાં, ગાંધીધામ, જી. કચ્છ.**

---

**ક્રિમીનલ કેસ નંબર :- ૧૬/૨૦૨૫**
**આંક :-**

ગુજરાત સરકારશ્રી તરફે,
શ્રી એચ.એમ.પટેલ ,સરકારી શ્રમ અધિકારી
અને લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ અન્વયેના નિરીક્ષક,
ગાંધીધામ-કચ્છ. .... **ફરીયાદી**

**વિરૂધ્ધ**

(1) RAMCHANDANI VIVEK KUMAR (DIRECTOR)

(2) B. M. AUTOLINK PVT.LTD.,
SURVEY NO.129/25, VILLAGE- GALPADAR,
AIRPORT CROSSWAYS, GANDHIDHAM - KUTCHH.

.... **આરોપીઓ**

**બાબત :- લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ : ૨૨-એ હેઠળની ફરીયાદ.**

## -:: ઠરાવ ::-

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ તા. ૦૬/૧૨/૨૦૨૪ નાં રોજ પોતાના હોદ્દા અને ફરજ અન્વયે આરોપી સંસ્થાની સ્થળ તપાસ કરતા, આરોપી સંસ્થાએ લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ : ૧૮, નિયમ- ૨૨, ૨૬(ડી), ૨૬(૨), ૨૬(બી)(૧), ૨૧(૪) નો ભંગ કરેલ હોઈ તે લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ ની કલમ : ૨૨-એ હેઠળ સજાને પાત્ર ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની લેખીત ફરીયાદ આધારે અત્રેની કોર્ટમાં રજુ કરતા સદર ફરીયાદને **ક્રિમીનલ કેસ નં. ૧૬/૨૦૨૫** થી ક્રિમીનલ રજીસ્ટરે ગુનો દાખલ કરેલ છે.

૨. આરોપી સંસ્થા સામે ફરીયાદ રજુ થતાં, આરોપી સંસ્થાને સમન્સ કરતા સમન્સની ધોરણસર બજવણી થઈ જતા આરોપી આજરોજ કોર્ટ રૂબરૂ હાજર રહેતા અને સંસ્થા સામેનો ગુન્હો કબૂલ કરવા માંગતા હોય અને તે અંગેની આંક -___ થી ગુન્હો કબૂલ કરતી લેખીત ગુન્હા કબૂલાત પુરશીશ રજુ કરતાં, તેને ફરીયાદના પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, આરોપી સંસ્થા સામે આક્ષેપાયેલ ગુન્હા અંગેની સમજ કરવામાં આવેલ અને આરોપી સંસ્થા તરફે સ્વેચ્છાએ કોઈપણ જાતનાં દબાણ વગર ગુન્હો કબૂલ કરતાં હોવાનું જણાવેલ છે,જેથી તેઓનું સદર ગુન્હા અંગે પ્લી આંક - ____ થી નોંધતા તેમાં પણ આરોપી સંસ્થા તરફે તેઓએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે.

૩. આમ, આરોપી સંસ્થા તરફે હાજર અધિકૃત અધિકારી સંસ્થા સામેનો ગુન્હો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની ગુન્હા કબૂલાત પુરશીશ રજુ કરેલ છે.તેમજ તેમનું નિવેદન નોંધવામાં આવતા તેમાં પણ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને તેઓની ગુન્હા કબૂલાત પુરશીશમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને ફરી આવો ગુન્હો નહીં કરે તેમ જણાવે છે, જેથી આરોપી સંસ્થા તરફેની સ્વૈચ્છીક ગુન્હા કબૂલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખે સદરહું ગુન્હામાં આરોપી સંસ્થાને તકસીરવાન ઠરાવી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કોડની કલમ- ૨૭૫ અન્વયે તેની સામેનાં લઘુતમ વેતન અધિનિયમ,૧૯૪૮ ની કલમ : ૨૨-એ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક પ્રત્યેક નિયમના ભંગ બદલ રુ.૨૦૦૦/- (અંકે

રુપીયા બે હજાર પુરા) લેખે દરેક આરોપીને રૂા. ૧૨ ,૦૦૦/– (અંકે રૂપિયા બાર હજાર પુરા ) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. **તેથી આરોપીઓએ સંયુકત રૂા. ૨૪ ,૦૦૦/– (અંકે રૂપિયા ચોવીસ હજાર પુરા)દંડ ભરવો તેવો હુકમ કરવામાં આવે છે** અને જો આરોપી દંડ ન ભરે તો દિન –૩૦(ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ નાં રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:– ૧૪/૦૩/૨૦૨૬
ગાંધીધામ– કચ્છ.

**( ઝેડ.જી.મોદન )**
ન્યાયાધીશ,લેબર કોર્ટ (જે.ડી),
ગાંધીધામ , જી–કચ્છ.
***JUDGE CODE : GJ01569***